

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દંભના દરવાજાથી સરોવર ભરાઈ ગયું,*
*પૂજા અને ઉદ્‌ઘાટનના નાટકે ધરાઈ ગયું!*
*છલકાયું એકસો વીસ ફૂટના ગૂમાનથી -*
*નર્મદાનું દિવ્યજળ દેખાડાથી સૂકાઈ ગયું!*

હાઈકુ

*કૃપા-કરૂણા,*
*બે કાંઠે ઉભરાતી -*
*રેલો થૈ ગઈ...*

*ઉતર્યો કોપ,*
*જુઠ્ઠા દંભીઓ પર -*
*રેવા અદૃશ્ય!*
*(જીવાદોરી સૂકાઈ?!)*

### ચિંતન

**સુખસ્ય દુઃખસ્ય ન કોઽપિ દાતા પરો દદાતીતિ કુબુદ્ધિ રેષા ।**
**અહં કરોમીતિ વૃથાભિમાનઃ સ્વકર્મસૂત્ર ગ્રથિતો હિ લોકઃ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સુખ અને દુઃખને દેનારું બીજું કોઈ નથી, 'કોઈ અન્ય સુખ-દુઃખ દે છે'એ સમજવું કુબુદ્ધિ છે. 'હું કરું છું' એ વૃથા અભિમાન છે, કારણ કે લોકો પોતપોતાના કર્મોની દોરીમાં બંધાયેલા છે.

માણસ પોતાના કર્મ-કૃત્ય-આચરણ વિચારથી જ સુખી કે દુઃખી થાય છે 'મને આ વ્યક્તિ હેરાન કરે છે' - દુઃખી કરે છે એ માન્યતા ભૂલ ભરેલી છે - બુદ્ધિ વગરની છે.

માનવી ને પોતાના જ આગલાં જન્મોનો સારાં કે માઠાં કર્મો પ્રમાણે જન્મસ્થળ - સ્વભાવ - બુદ્ધઇ મળે છે અને એ પ્રમાણે જ સુખ-દુઃખ મળે છે - ભગવાન કે કોઈ દુશ્મન આપણને દુઃખ દેતું નથી.

### સુવિચાર

- મારે માટે એક ડગલું બસ છે, બીજું ડગલું તેનો વખત આવશે ત્યારે ઈશ્વર મને દેખાડશે - **સંત રોબિન**
- અડધા લોકો ગુલામ એન અડધઆ લોકો સ્વતંત્ર - આવી સરકાર કદી ચાલી શકે નહિં - **લિંકન**
- મિત્રો ના ઘા સારા, પણ દુશ્મનના ચુંબન ખોટા - **બાઈબલ**
- છે માનવ જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી - **નરસિંહરાવ દિવેટીયા**
- ચિત્રગુપ્ત એના ચોપડામાં તમારો હિસાબ લખે છે ત્યારે તમારા નામ સામે 'હાર્યા' કે 'જીત્યા' એવું નથી લખતો, પણ તમે કેવી રીતે રમ્યા છો તે લખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મન શાંત ન રહે તો કંઈ વાંધો નહિ, જીભ શાંત રહે એટલે બસ - **અરબી કહેવત**
- આજનું ઔષધ : ગાયના દૂધમાં કેવડાનું મૂળ ઉકાળી સાકર નાખી પીવાથી સ્ત્રીઓને લોહીવા મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

શારદામણી દેવી કે જેઓ રામકૃષ્ણ પરમહંસના સહધર્મચારીણી હતા. તેમનો વ્યવહાર સરળ અને ઉદાર હતો. એકવાર રામકૃષ્ણ પાસે એક ધનિક ભક્ત આવ્યો અને કહ્યું, 'દેવ, મારા તરફથી પ્રસાદ સ્વીકારો' એમ કહીને તેણે દસ હજાર રૂપિયા રામકૃષ્ણને ચરણમાં ધર્યા.

રૂપિયા જોઈ રામકૃષ્ણને વ્યથા થઈ. એમ પણ થયું કે લક્ષ્મી મા મને લલચાવે છે ? પણ એમને આ પૈસાથી શારણામણી દેવીના વિચાર જાણવાની ઈચ્છા થઈ. તેમણે દેવીને અંદરથી બોલાવી કહ્યું, 'જુઓ, આ ભક્ત રૂપિયા સ્વીકારવાનો આગ્રહ કરે છે. મારાથી તે કેણ લઈ શકાય ? મારાથી ન લેવાય, એવું મેં કહ્યું તો તે તમારા નામે રૂપિયા સ્વીકારવાનું કહે છે. તમે સ્વીકારો તો ? તમારું શું કહેવું છે ?'

શારદામણી દેવી તો ખરા અર્થમાં સહધર્મચારીણી હતા, તેમણે કહ્યું, 'હું સ્વીકારું છું ? કેવી રીતે ? અંતે તો એ તમે જ સ્વીકાર્યા ગણાય, હું રૂપિયા લઉં તો તેમાંથી તમારા માટે જ જરૂરી ખર્ચ થાય, તેથી તે તમે જ લીધા ગણાય અને લોકો તમારા પર જે ભક્તિભાવ રાખે છે તેમાં આવું ન જ ચાલે. આમ આ રૂપિયા સ્વીકારી ન જ શકાય.'

શ્રી રામકૃષ્ણ પરમહંસ શારદામણી દેવીની વાત સાંભળી મનોમન વંદન કરી રહ્યા.

# સમાજ અને સંપ્રદાયની પરંપરાઓ સામે સરકારનું ગજું કેટલું?

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટે એક એનજીઓની સરજી ધ્યાને લઈ ખાપ પંચાયતોને આપેલો નિર્દેષ કંઈ નવો નથી. સરકારને આદેશ કરવાની પણ મુખ્ય ન્યાયમૂર્તિના વડપણ હેઠળની બેન્ચે તૈયારી દર્શાવી છે. બે પુખ્ય વયની વ્યક્તિઓને લગ્ન કરતાં અટકાવવાની સત્તા કોઈ જ્ઞાતિપંચ કે સમાજને ન હોવી જોઈએ. કેવાં લગ્ન ફોક કરવા એના કાયદા ઘડાયેલા છે જ. પરંતુ આટલી કડક ચીમકી આપવા છતાં સુપ્રીમ કોર્ટ ખાપ પંચાયતોની સામાજિક તાકાતને તોડી શકાશે કે કેમ તે પ્રશ્ન જ રહે છે. આવા જ્ઞાતિપંચો ફક્ત હરિયાણામાં જ અસ્તિત્વ ધરાવતાં હોવાની માન્યતા પણ ભૂલ ભરેલી છે. સમાજવ્યવસ્થા ઘણાં વર્ષો જૂની છે. એથી એમાં લગ્નોની પણ એક સુનિશ્ચિત આચારસંહિતા દૃઢીભૂત થયેલી હોય છે. સવિશે દરેક જ્ઞાતિમાં મોટા ભાગના લોકો આ વ્યવસ્થાને જ અનુસરવામાં સલામતી સમજે છે. દીકરીને ભારતીય સમાજમાં ઘણી ચિંતાની નજરે જોવામાં આવે છે. એને યોગ્ય ઘર અને વર આપવાની વણલખી જવાબદારી એનાં માતાપિતાના શિરે મઢાયેલી હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં આ વર્ષો જૂની પરંપરા થોડા ઘણા સુધારા વધારા સાથે આજે પણ અકબંધ રહેલી જોવા મળે છે. દીકરી કેવા ઘરમાં વરાવવી, એને કેટલો દાયજો આપવો વગેરે પ્રતિષ્ઠા સાથે સંકળાયેલી બાબતો છે. એથી જયારે બંધારણ પુખ્ય વયના યુવાન-યુવતીએ જ્ઞાતિ-સમાજ કે ધર્મ જેવા અંતરાયોને અવગણી પરંદગીનાં લગ્ન કરવાની છૂટ આપે છે ત્યારે એનાં લાભાર્થી યુગલોને પ્રસ્થાપિત પરંપરાઓ સામે ઝીંક ઝીલવી પડે છે. કેટલાક જ્ઞાતિસમાજો આ મુદ્દે એવું કટ્ટર વલણ દાખવતા રહ્યા છે કે આવા યુગલોને બળજબરીપૂર્વક છૂટાં પડવું પડે છે નહીંતર સામાજિક બહિષ્કાર વેઠવાનો વારો આવે છે. ભારતીય ગ્રામીણ સમાજમાં આ જૂની પરંપરાઓ હજી એકવીસમી સદીમાં પણ એટલું જ વર્ચસ્વ ધરાવે છે. પોતાના સામાજિક રીતરિવાજ મુજબ જ જીવવા ટેવાયેલા ગ્રામીમ સમાજ માટે પ્રેમલગ્નો પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે. તેથી કયારેક આવાં યુગલો ભાગીને અદાલતમાં લગ્ન નોંધાવી દેતાં હોય છે પરંતુ સમાજની બીકે તેઓએ સંતાઈને - છુપાઈને રહેવું પડતું હોય છે. એમનાં કુટુંબીજનો પણ મને-કમને એમનો બહિષ્કાર કરે છે. કયારેક તો આવાં યુગલોને જાનથી હાથ ધોવા પડે એવી પરિસ્થિતિ સરજાતી હોય છે. હરિયાણામાં ખાપ પંચાયતોની તાકાત જાણીતી છે. રાજકીય માંધાતાઓ પણ આ ખાપ આગેવાનોનો આદર કરે છે કારણ કે એમની પાસે આખી જ્ઞાતિના વોટનો દલ્લો હોય છે. સમાજની વર્ષોજૂની પરંપરા સામે પ્રેમીપંખીડાની શી વિસાત ? એમને સરકાર અને અદાલતના શરણે જ જવું પડે તે સ્વાભાવિક છે. ખાપ પંચાયતો સામે સરકાર જેવી સરકાર ઘૂંટણિયે જ પડી જતી રહી હોય ત્યાં સુપ્રીમ કોર્ટ પણ કેટલી મદદ કરી શકે ? સુપ્રીમ કોર્ટ આગળ ઉપર તો આદેશ જારી કરી શકશે અને જરૂર પડ્યે સરકારને કે ખાપ આગેવાનોને ફટકાર પણ લગાવાશે પરંતુ એથી પ્રશ્ન પતી જતો નથી. સમાજ અને સંપ્રદાયને એની પોતીકી ગરિમા હોય છે. એટલે જયારે બે પ્રેમી જીવો-મળેલા જીવોની અંગત જિંદગી એમને વ્યવધાન રૂપ લાગે છે ત્યારે તે બધી જ દયા-માયા છોડીને ક્રૂર અને વિકરાળ સ્વરુપ ધારણ કરી દે છે. આ સ્થિતિ કયારેય સરકાર કે અદાલત નહીં બદલી શકે; એ માટે તો શિક્ષણ અને સમજણ જ મહત્ત્વની ચાવીઓ પુરવાર થઈ શકશે. ખાપ આગેવાનોએ સગોત્ર લગ્નોનો વાંધો ઉઠાવ્યો છે. આ સંસ્કૃતિ છે - એનો ભંગ કરનારાઓ સામે સમાજ અકળાણમ અનુભવે છે સ્વાભાવિક છે.

# આપણે એક લાંબો રસ્તો પાર કરવાનો છે



નવાં કલેવર
નટવર હેડાઉ

રવિન્દ્ર પૈસાદાર ઘરનો દીકરો છે. પિતા શશીકાન્તનો આલિશાન બંગલો શહેરના પોશ વિસ્તારમાં આવેલો છે. જયાં તેઓ તેમની સુંદર પત્ની સાથે રહે છે. ડૉકટર હૃદયરોગના નિષ્ણાંત અને જાણીતા કાર્ડિયો સર્જન છે. તેમણે પોતાના બંગલાનાં બેઝમેન્ટમાં જ આધુનિક સુવિધાઓની સજ્જ પોતાનું સર્જિકલ ક્લિનિક રાખ્યું છે. ડૉ. શશીકાન્તને ત્યાં સતત દર્દીઓની લાઈનો જોવા મળે છે. તેઓ શહેરની સૌથી મોટી સીટી હોસ્પિટલમાં સીઈઓના હોદ્દા પર બિરાજે છે. તેમની કમાણી લાખોમાં છે. દૂર દૂરથી હાર્ટ પેશન્ટ ઈલાજ માટે તેમની પાસે આવે છે. તેમની હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓની સારવાર માટે સાથે આવેલ લોકો પણ ઉત્તમ વ્યવસ્થા છે. હોસ્પિટલોમાં ઓ.ટી. આઈ. સી. યુ, આઉટ ડોર, મેડિકલ સ્ટોર એમ દરેક પ્રકારની સુવિધા છે.

મોટા શહેરોમાં જે સામાન્ય રીતે જોવામાં આવે છે તેમ પોશ વિસ્તારની સોસાયટીની આજુબાજુ ઝૂંપડપટ્ટી ઊગી નીકળે છે. તેમાં રહેતા લોકો અહીંના બંગલાઓમાં કામ કરતા નોકર નોકરાણીઓ હોય છે. જે નગર પાલિકાની જમીન પર કામચલાઉ ઝૂંપડા બાંધી પોતાના કુટુંબ સાથે રહે છે. નગરપાલિકા દબાણ હટાવવાની પોતાની સીઝનલ કામગીરીમાં તેને દૂર કરે છે પરંતુ થોડા જ સમયમાં મામલો શાંત થતાં તેઓ ફરી પાછા ત્યાં જ જામી પડે છે. આ બધી ઝૂંપડપટ્ટીઓમાં વીજળી-પાણીના કનેકશનનો ગંદકી અને ઊભરાતી ગટરો બધું જ જોવા મળે છે. વોટના રાજકારણને કારણે ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, રેશનકાર્ડ, બધુ બની જાય છે, દર વખતે ચૂંટણીના સમયે રાજકીય પાત્રીઓની ચૂંટણી સભાઓ અહીં થાય છે. તે વખતે બધી જ મૂળભૂત સુવિધાઓ તેમને અપાય છે. જો કે ચૂંટણી પતી ગયા પછી તેમની ખબર લેવા વાળું કોઈ હોતું નથી.

રવિન્દ્રએ એકદિવસ મોકો જોઈને પિતાને પુછ્યું. 'પપ્પા આ ઝૂંપડાવાસીઓની આવી હાલતનું કારણ શું હશે ?' રવિન્દ્રની મા શશીકલાએ જ બોલતા કહ્યું, 'એ બધા આળસુ અને કામચોર હોય છે. આખો દિવસ સામે વડના ઓટલા પર બેસી જુગાર રમતા હોય છે કે પછી બીડીઓ ફૂંકતા ચોવટ કરતા હોય છે.' ડૉ. શશીકાન્તે કહ્યું, 'તે લોકો તનતોડ મહેનત કરે છે. જો કે તેમને આખો મહિનો કામ મળતું નથી. મોટા ભાગના લોકો ટ્રક, રીક્ષાનું ડ્રાઈવીંગ કે કડીયા કામ અથવા આખો દિવસ રેકડી ચલાવી મજુરી કરતા હોય છે. તેનો થાક લાગવાથી તેમને ઊંઘ આવતી નથી. થાક દૂર કરવા તે બધા નશાને રવાડે ચડી જતા હોય છે. કુટુંબનું ભરણપોષણ થાય તેટલી આવક ન હોવાથી ટી.બી. જેવા રોગોના ભોગ બને છે. આ બધું તેમને ઘણી વખત ગુન્હાખોરી તરફ દોરી જાય છે.'

થોડીવાર માટે સ્તબ્ધતા છવાઈ રહી. તે પછી રવિન્દ્રએ મૌન તોડવાં કહ્યું, 'પપ્પા, હું આવા ગરીબ લોકો માટે કંઈક કરવા માંગુ છું. આપણને ભગવાનને બધું જ આપ્યું છે ત્યારે આપણી માનવીય ફરજ બને છે. તે માટે મારે તમારું માર્ગદર્શન અને સહયોગ જોઈએ છીએ.'

'બેટા, તારો વિચાર સારો છે. આની પ્રેરણા તને કયાંથી મળી ?' સોસાયટીમાં ઉજવાતા ઉત્સવો અને પ્રસંગોમાં રોશનીની ઝાકઝમાળ કરી પોતાની મોટાઈ બતાવવાના આડંબર અને દેખાડા પાછળ પાણીની જેમ પૈસા વેડફાય છે અહીં થતાં ભોજન સમારંભોમાં ખોરાકનો કેટલો બગાડ થાય છે. 'બેટા, તારી વાત સાચી છે. એકતરફ દેશમાં અનેક લોકોને એક ટાઈમ ખાવાના સાંસા છે. ત્યારે આવો બગાડ ખરેખર શરમજનક કહેવાય.' રવિન્દ્રની મમ્મીએ તેની સામે સંમત થતાં કહ્યું.

રવિન્દ્રની તીવ્ર ઈચ્છાશક્તિથી પ્રભાવિત, તેનાથી પ્રેરિત રવિન્દ્રના માતાપિતાએ સોસાયટીના બીજા સંપન્ન કુટુંબોનો આર્થિક સહયોગ, સૌનો સાથ લઈ ઝૂંપડપટ્ટીના બાળકો માટે એક શાળા શરુ કર્યો. તેમજ ઉંમરલાયક લોકો માટે સાંજના સમયે પ્રૌઢ શિક્ષણ વર્ગો અને યુવતી તેમજ સ્ત્રીઓ માટે સિવણ, ભરત ગુંથણ અને રમકડાં બનાવવાની તાલીમ શરુ કરાઈ. સોસાયટીના બચત ફંડમાંથી ઝૂંપડપટ્ટીના બાળકો તેમજ અન્ય શિક્ષણ મેળવતાં સૌ માટે તેમના જરૂરિયાતની ચીજો સિલાઈ મશીન, રમકડાં બનાવવાની સામગ્રી, નોટબુક, પેન્સિલ, સ્કૂલ બેગ અને કપડાં બુટ તેમજ બિમારીમાં સેવા સુશ્રુષા, દવાઓ પૌષ્ટિક આહાર, ભોજન દૂધ વિગેરેની વિના મૂલ્યે વ્યવસ્થા કરાઈ. તે લોકોને તેમના શરીર અને આજુબાજુ સ્વચ્છતા રાખવા માટે જાગૃત કરવાનો પ્રયત્ન થાય તેમજ પોતાના નાગરિક અધિકાર પ્રત્યે સચેત કરવાનું અને તેઓ, સમાજના નિષ્ઠાવાન નાગરીક બની શકે. તેવા પ્રયાસો થયા.

રવિન્દ્રે ઝૂંપડપટ્ટીના ભૂખ્યાં લાચાર લોકોને બંગલા કે ફલેટોની બહાર કૂતરાં કે ભૂંડ સાથે લડતાં -ઝઘડતા, ઝઝૂમતા અને છીનવી લઈને ખાતાં જોયા છે. આવી શરમજનક સ્થિતિ ને બદલવાનું કામ એકલા રવિન્દ્રનું નથી. દેશમાંથી ગરીબી-લાચારીના સમુળગા ઉન્મુલન માટે સૌનો સાથ જરૂરી છે. આપણે એક લાંબો રસ્તો પાર કરવાનો છે.

# વૈષ્ણવજન જીહવા થકી અસત્ય ન બોલે



ગુલમહોર
દિનેશ દેસાઈ

મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વાર કહ્યું હતું કે ''વિજ્ઞાનને જે ગંભીરતાથી સમજવા માગે છે તેમને પરિશ્રમ પછી પણ અવશ્ય સમજાય છે કે સમગ્ર બ્રહ્માંડના નિયમો પાછળ પણ ચોક્કસ કોઈને કોઈ ચેતના કામ કરી રહી છે, કોઈને કોઈ થિયરી તો છે જ.''

ભગવાન સ્વામિનારાયણે તો વચનામૃતમાં પણ અનંત કોટિ બ્રહ્માંડ અને આકાશગંગાઓ, નિહારિકાઓ, ગ્રહો, નક્ષત્રો વગેરે વિશે વિશદ્ છણાવટ કરેલી છે. શ્રીજી મહારાજે માણસમાં રહેલા બાહ્ય વિકારો અને આંતરીક વિકારોને નિર્મૂળ કરવા ઉપદેશ આપ્યો છે. તેઓએ વચનામૃત અને એ ઉપરાંત પણ મૂળ સિદ્ધાંતો સમજાવતા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદી અવગુણો યા માનવસહજ સ્વભાવની નકારાત્મક બાબતો દૂર કરવા કહ્યું છે. મનની શુદ્ધિ વિના ધર્મ પામી શકાય નહિ. શ્રીજી મહારાજે અંતર નિર્મળ કરવાની વાત કરી છે. શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકમાં ધર્મની વિભાવના સાથે સમાજને સુસંસ્કૃત અને જાગૃત કરવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

વેરભાવ પોતાના અને બીજાના વિનાશનો હેતુ યાને મૂળ છે. સમસ્ત સંઘર્ષનું મૂળ વેરભાવ જ છે. જો દોષ આપણામાં જ હોય તો ટીકાકારોને ટીકા કરવાથી આપણે રોકી શકીએ નહિ. આપણામાં રહેલા દોષ દૂર કરવાથી મોટો કોઈ પુરુષાર્થ યા ધર્મ નથી. આથી આપણે આપણા દોષ ઉપર ધ્યાન આપીએ, ટીકાકારો ઉપર નહિ.

**વેરભાવ પોતાના અને બીજાના વિનાશનો હેતુ યાને મૂળ છે. સમસ્ત સંઘર્ષનું મૂળ વેરભાવ જ છે. જો દોષ આપણામાં જ હોય તો ટીકાકારોને ટીકા કરવાથી આપણે રોકી શકીએ નહિ. આપણામાં રહેલા દોષ દૂર કરવાથી મોટો કોઈ પુરુષાર્થ યા ધર્મ નથી**

આત્મવિશ્લેષણથી મોટી કોઈ સાધના ન હોઈ શકે. કોઈની ટીકા કરવાનું કાર્ય ખરેખર તો નિજનું જ અહિત કરે છે. પરનિંદા એટલે આપણી જાતે જ પગ ઉપર કુહાડો મારવો. નરસિંહ મહેતાએ વૈષ્ણવજન માટે કહ્યું છે કે જીહવા થકી અસત્ય ન બોલે. આપણી જીભેથી કોઈની ટીકા યા નિંદા ન થાય. કેમ કે બુરાઈઓ આપણામાં પણ હોઈ શકે છે ને જીભ બીજાની પાસે પણ હોઈ શકે છે.

ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા વચનામૃત એટલે તેમણે ગામ-પરગામ કરેલા વિચરણ દરમિયાન ભક્ત સમુદાયને સંબોધન કરેલી વાતોનું સંકલન. સચવાયેલી આ શબ્દપ્રસાદીમાં શ્રીજી મહારાજે ધર્મ, ભક્તિ, સત્સંગનો મહિમા કરીને અક્ષરધામની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે. માની ન શકાય કે અવતારી પુરુષ તરીકે શ્રીજી મહારાજે પૃથ્વી ઉપર આ રીતે વિચરણ કર્યું હોય. ગુજરાતનું ગઢપુર – ગઢડા અને દાદા ખાચરનો દરબાર પસંદ કરનાર શ્રીજી મહારાજે વિચરણ દરમિયાન ઘણા બધા રાજ-રજવાડાઓને ધર્મ-ભક્તિ અને જ્ઞાન-વૈરાગ્યના માર્ગે વાળ્યા હતા. એક સમાજસુધારક તરીકે પણ તેમના પ્રદાનની ઈતિહાસે નોંધ લીધી છે. સમાજમાં ફેલાયેલા કુરિવાજો, બદીઓ, વ્યસનો વગેરે દૂર કરીને ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશો ''ધર્મ સંસ્થાપનાર્થાય...'' શ્રીજી મહારાજે પરિપૂર્ણ કર્યો.

યોગીજી મહારાજે કહેલો જાણીતો પ્રસંગ છે. ભગવાન સ્વામિનારાયણના સમયકાળમાં જૂનાગઢના નવાબ હામદખાન બાબી પણ શ્રીજી મહારાજના સત્સંગ-સંપર્કમાં આવ્યા પછી માની ગયા હતા કે જન્નતથી ખુદ ખુદા પૃથ્વી ઉપર અવતાર ધરીને આવ્યા છે. જૂનાગઢના માર્ગો ઉપર ભક્તસમુદાયને દર્શન આપવા માટે ગજરાજ ઉપર શ્રીજી મહારાજની સવારી નીકળી હતી ત્યારે એક બાળકના ભાવને વશ થઈને શ્રીજી મહારાજે તેની કાકડી ગ્રહણ કરી અને જાહેરમાં જ ખાવા લાગ્યા ત્યારે દીવાને નવાબને કહ્યું પણ ખરું કે ''ખુદા યાને ભગવાન હોય તે આમ જાહેરમાં કાકડી ખાવા ન બેસી જાય.'' આ સાંભળીને તરત જ નવાબ બોલી ઉઠ્યા કે ''ખુદા કો કિસકી અદબ?''

મહત્વનું એ છે કે અવતારી પુરુષને પણ સમાજ સામાન્ય માનવી જ માની બેસે છે. જ્યારે ભગવાન માનવદેહ ધરીને આપણી વચ્ચે રહેવા આવે છે ત્યારે પૂર્ણ ઐશ્વર્ય અને સામર્થ્ય લઈને આવ્યા હોય છે પરંતુ ઈશ્વરપણું ઢાંકીને રાખે છે. ભગવાનનો એક જ ઉદ્દેશ હોય છે કે પોતાના ભક્તજનોને સુખિયા કરવા, સુખ આપવું. અનાદિનું સુખ, અક્ષરધામનું સુખ. દુન્યવી યાને આ દુનિયાનું સુખ તો સૌ પાસે હોય અથવા મેળવી શકાય એવું હોય. અક્ષરધામનું સુખ શ્રીજી મહારાજની કૃપાદૃષ્ટિથી જ મળી શકે.

**જસ્ટ ટ્વીટ :**

"जिसे चाहो, उससे कुछ मत चाहो"

- અજ્ઞાત

# પપ્પાનું પાણીગ્રહણ...!! સંવેદનાના દર્શન હોય, એવું કંઈ પ્રદર્શન ન હોય...!!





Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com

રવિવારે સવારના દસ વાગ્યા હતા. 'સપ્તપદી' વિવાહ સંસ્થાની ઑફિસની હજુ સાફસફાઈ ચાલુ હતી. ત્યાંના કર્મચારીઓ રજાનો મૂડ હોવાથી પહોંચ્યા નહોતા. રવિવારે આમ પણ અહીં આવનારની સંખ્યા વધુ રહેતી, લગ્નની જોડી જમાવી આપવામાં આ સંસ્થાનું નામ સારું હતું. અહીંથી ઘણા લોકોની લગ્ન જિંદગી શરુ થઈ હતી અને પાણીગ્રહણની આ સંસ્થા સાક્ષી હતી. થોડીવારમાં ત્યાં બાવીસેક વર્ષની કન્યા આવીને રિસેપ્શનીસ્ટની જગ્યાએ ગોઠવાઈ ગઈ. પર્સમાંથી નાનો આયનો કાઢી ચહેરો બરાબર છે ને ? ચેક કરી લીધો, એટલામાં ડોરબોલ વાગી...

બ્લ્યુ કલરના પંજાબી ડ્રેસમાં એક ચાર્મિંગ લેડી એનાં પપ્પા સાથે અંદર આવી. એ લેડી કદાચ ૩૦-૩૨ની આસપાસ હશે અને એનાં પપ્પા ૬૦ની આસપાસના. બંને આવીને કાઉન્ટર પાસે ઊભાં રહ્યાં. રિસેપ્શનીસ્ટે ઊભા થઈ નમસ્કારની મુદ્રામાં સ્વાગત કર્યું.

'નમસ્તે, નામ નોંધાવવુંછે ?' લીપસ્ટીક પ્રસરે નહીં એનું ધ્યાન રાખતાં એણે પૂછ્યું.

'હા, હું મનાલી પટેલ અને આ મારા પપ્પા રમેશ પટેલ.' બ્લ્યુ ડ્રેસની લેડીએ વાત શરુ કરી, એના પપ્પા માત્ર શાંત હતા.

'સારું, એક કામ કરો, પહેલાં આ ફોર્મ ભરીને આપો. સહેલું જ છે. છતાં કંઈ તકલીફ પડે તો હું તમારી સેવામાં હાજર છું.'

દસ જ મિનિટમાં ફોર્મ ભરાઈને પાછું આવ્યું. પેલી બાવીસ વર્ષની તરુણી એને વાંચતી હતી કહોને ચેક કરતી હતી.

'મિસ. મનાલી, આમાં કંઈક ભૂલ થઈ લાગે છે. ઉંમર ૬૦ વર્ષ લખી છે, અને... વિગતો બધી તમારા પપ્પાની ભરી છે.'

'ભૂલથી નહીં, બરાબર જ લખી છે. હું મારા પપ્પાનું નામ નોંધાવવા જ આવી છું. અને હા, હું મિસ નહીં, મિસીસ મનાલી પટેલ છું.'

રમેશ પટેલ તો આ બંનેની વાતચીત ચકળવકળ આંખે જોઈ રહ્યા હતા. ચહેરા પર ઉચાટ હતો. શું કહેવું અને બોલવું ? કંઈ સમજાતું નહોતું. એટલામાં ત્યાં સપ્તપદીના સંચાલિકા સરલાબેને એન્ટ્રી લીધી. એમની અનુભવી નજરે આખો પ્રસંગ સ્કેન કર્યો. રિસેપ્શનીસ્ટને એ બંનેને લઈને એમની કેબીનમાં આવવા કહ્યું. એમણે બંનેને બેસાડીને કૉફીનો ઓર્ડર કર્યો. સરલાબેને આંખે ચશ્મા ચઢાવ્યા અને શાંતિથી બંને તરફ જોવાં લાગ્યા. મનાલીએ જ વાત ઉપાડી.

**ભીતર ધોધમાર તોયે હૈયું કોરું રાખવાનું, કયાં સુધી આ ચહેરા પર મ્હોરું રાખવાનું!**

'હું જ વાત કરું છું. આ મારા પ્રિય પપ્પા. મારી મમ્મી છેલ્લાં ત્રણ વર્ષથી પેરેલિસીસના હુમલાને કારણે પથારીવશ હતી. પપ્પાએ એની દિવસ રાત જોયા વગર સેવા કરી. એ મમ્મી ને ખુબ પ્રેમ કરતા હતા. મમ્મી બોલી શકતી નહોતી, એમણે ઘંટડી આપી હતી. એ કામ પડે એટલે વગાડીને બોલાવે. એ એને વાર્તા સંભળાવતા, મનગમતા ગીતો વગાડતાં. ટીવી પર ફિલ્મ - સિરીયલ લગાડી આપતા. અરે, સાફસફાઈ અને નવડાવવાના કામ માટે પણ આયા ના રાખતાં જાતે જ એ બધાં કામ કરતા. મમ્મી ઘણીવાર રડી પડતી. અને મમ્મી છ મહિના પહેલા છોડીને જતી રહી...'

મનાલી રડી રહી હતી. પપ્પાએ ટેબલ પર પડેલો પાણીનો ગ્લાસ આપી એના માથેથી વ્હાલ ભર્યો હાથ ફેરવ્યો. એણે ફરી વાત શરૂ કરી.

'હું લગન કરીને પૂના સેટલ છું અને ભાઈ પીઆર લઈને ઓસ્ટ્રેલિયા. એટલે અહીં અમદાવાદ મમ્મી-પપ્પા એકલાં જ હતા. મમ્મીના ગયાં બાદ પપ્પા એકલા પડી ગયા છે. એટલે અમે બંને ભાઈ-બહેને જ નક્કી કર્યું કે પપ્પાના લગ્ન કરાવી દઈએ.'

અમારાં પરિચિતોએ કહ્યું કે તમારી લગ્નસંસ્થા ખૂબ સારી છે. અહીંથી ઘણા બધાંની જોડી જામીને લગ્નગ્રંથીથી બંધાઈ છે. તમારી ત્યાંથી અમને આશા છે એટલે આવ્યા છીએ.

સરલાબેન નવાઈથી જોઈ રહ્યા હતા. છેલ્લા પચ્ચીસ વર્ષથી તેઓ આ લગ્નસંસ્થા ચલાવે છે. અનેક પ્રકારના છોકરા-છોકરીઓ, વિધવા - ત્યકતા - વિધુર આવ્યા છે. પણ કોઈ દીકરી પોતાના પપ્પા માટે યોગ્ય પાત્ર શોધી પાણીગ્રહણ કરાવે એવો પ્રથમ કિસ્સો હતો. જયારે એના પપ્પા પણ ૬૦ વર્ષની વય પાર કરી ચૂક્યા હતા.

બદલાતા સમયની તેઓ તાસીર જોઈ રહ્યા હતા. ૬૦ વર્ષ બાદ સ્ત્રી-પુરુષને એના જોડીદારની ગરજ પડે એ તેઓ સમજી શકતા હતા. પણ દીકરી જ સામે ચઢીને પપ્પાને મનાવીને આ વાત પર રાજી કરે અને નવી મમ્મી ગોતે એ આશ્ચર્યજનક જ હતું. એમણે રમેશભાઈ સામું જોયું, કંઈક બોલવા ઈશારો કર્યો. એ ઈશારો સમજી જતાં એમણે વાત શરુ કરી.

'બેન, હું મારી પત્નીને ખૂબ પ્રેમ કરતો હતો. એના સિવાય એક પણ દિવસ જીવી નહીં શકાય એમ લાગતું હતું. પણ છ મહિના થઈ ગયા જીવું જ છું ને ? પણ ઘરમાં એકલા રહેવાની ટેવ નથી. આટલું મોટુ ઘર મને ખાવા આવે છે. મને ખૂબ એકલવાયું લાગે છે. જિંદગીમાં સાથીદારની જરૂર છે એવું મને લાગવા માંડ્યું છે. હવે ચોક્કસ લાગે છે કે કોઈ વાતો કરવા, સુખ-દુઃખ સાંભળવા - સમજવા સાથે જોઈએ. બીજું તો કોઈ આકર્ષણ બચ્યું નથી, બસ સહવાસ જોઈએ.'

'મનાલી, તને કેમ એવું લાગ્યું કે આમના લગ્ન કરવા જોઈએ?'

'ખરેખર તો પપ્પાએ નિવૃત્તિ બાદ ઘણા બધા પ્લાન કર્યા હતા. પ્રવાસ, ધર્મયાત્રા, સંગીત, નાટક... પણ રિટાયરમેન્ટની પાર્ટીના દિવસે જ મમ્મીને વજઘાત થયો. એ પથારીવશ બની અને હોસ્પિટલના આંટાફેરા ચાલુ થયા. બધાં પ્લાન ફેલ થઈ ગયા. પપ્પાને ભાગે આવી માત્ર સેવા સુશ્રુષા. મમ્મીની સારવારમાં આર્થિક - શારીરિક - માનસિક ઘસારા બાદ પણ જયારે એ અમને છોડીને ચાલી ગઈ તો એ સાવ એકલા પડી ગયા. તેઓ મનથી તૂટી ગયા હતા.'

'તો પછી તમને એમને પૂના કે ભાઈ એમને ઓસ્ટ્રેલિયા કેમ લઈને ન ગયા ?' તમે એમને ના સાચવી શકો ?' અનુભવી સરલાબેને પ્રશ્ન ફેંક્યો.

'આ કહીએ એટલું સહેલું કયાં છે ?' વર્ષમાં એકાદ વિઝીટ કરવી એ અલગ વાત છે અને કાયમી વસવાટ અલગ વાટ છે. પરિવારમાં સેટ થવાના પ્રશ્નો બંને પક્ષે હોય છે. આપણે જેટલું વિચારીએ એટલું આ સહજ નથી. સ્વતંત્ર રીતે રહેવા ટેવાયેલા અમે અને તેઓ બંને મુરઝાઈ જઈએ એનાં કરતાં એમને ફરી પરણાવી દેવાનો નિર્ણય ભાઈ-બહેનને વધુ પ્રેકટીકલ લાગ્યો.'

મનાલીની મેચ્યોરિટી જોઈને સરલાબેન પ્રભાવીત થયા. સંબંધનો ખોટો ભાર વેંઢારવા કરતાં પ્રામાણિક થઈ યોગ્ય નિર્ણય લેવો સારો. એમણે બંનેને સારું પાત્ર આવશે તો ચોક્કસ કહીશ, કહીને વિદાય ક્યા. પણ અચાનક કંઈક યાદ આવતા એમણે બેલ મારી રિસેપ્શનીસ્ટને એમને રોકાવા કહીને એને અંદર બોલાવી.

'જો બેટા, હમણાં જે બહાર રમેશ પટેલ બેઠા છે એ કેવા છે? તને પપ્પા તરીકે ચાલશે ? તારી મમ્મી કરતા દસ વર્ષ મોટા છે. પણ તમને બંનેને સુખી રાખશે. આમ પણ તારા પપ્પાને જઈને પાંચ વર્ષ તો થઈ ગયા...'

રિસેપ્શનીસ્ટે મૂક સંમતિ આપી. મનાલીને મમ્મી અને રિસેપ્શનીસ્ટને પપ્પા મળી ગયા હતા. બાપ કન્યાદાન કરે એ ઘટના તો સામાન્ય છે પણ દીકરીઓ પપ્પાનું પાણીગ્રહણ કરાવે એ અસામાન્ય વાત છે !

**ચૂંટલો :**

વૃધત્વની શરુઆત થતા સહવાસની જરૂર વધુ પડે છે. પતિ-પત્નીમાંથી એકાદનું અવસાન થતાં વ્યક્તિ એકલવાઈ બની જાય છે. દીકરા-દીકરીને એમના પરિવારના અંગત પ્રશ્નો હોય છે જયારે વડીલો પણ ઝટ નવી જગ્યાએ સેટ થઈ શકતા નથી. અંદરના અંદર મુરઝાઈ ઘૂંટાવા કરતાં એનો યોગ્ય માર્ગ એટલે સમજૂતીથી નવો સાથી શોધી કાઢવો એ આજના સમયની માંગ છે!